# શ્રી ભગવાન મહાવીર સ્વામી નું શાસન

# મોક્ષપ્રભાવક - જ્ઞાનપ્રકાશક

## જૈનો જાગો

**લેખાંક : ૫૩**

શ્રી તીર્થંકર પરમાત્મા શ્રી ભગવાન મહાવીર સ્વામીનાં નિર્વાણ સમયથી આધ્યાત્મીક ક્ષેત્રનાં મોક્ષમાર્ગ માટેનો ૨૫૦૦ વર્ષો માટે આવનાર વિકટ સમય (જ્યોતિષીક નિમિત્ત)નાં યોગને ટાળવા માટે જ્યારે ઈન્દ્રોએ, શ્રી તીર્થંકર પરમાત્માને વિનંતી કરી કે 'શ્રી પ્રભુ, આપની હાજરી થોડો સમય વધારો તો સમયનાં પ્રભાવમાં સુધારો થાય'. ત્યારે શ્રી તીર્થંકર પરમાત્માએ દેશનામાં ફરમાવ્યું કે જગતનાં અનેક ચક્રવર્તીઓનું બાહુબળ અને યોગબળને એક કર્યું હોય તો પણ તેની સામે શ્રી તીર્થંકરદેવનું બાહુબળ અને યોગબળ અનંતઘણું વધારે હોય છે. છતાં શ્રી તીર્થંકરદેવ આયુષ્યમાં એક સમય પણ વધ કે ઘટ કરવાં સમર્થ નથી, (શ્રી તીર્થંકરદેવને એક સમય પણ ન વધારવાનાં ઘણા જ્ઞાનિક કારણો હોય છે માટે) તેવું જ્ઞાને કરીને ફરમાવ્યું. ત્યારે ઈન્દ્રોને બીજો સવાલ આવ્યો કે જો ૨૫૦૦ વર્ષો સુધી મોક્ષમાર્ગ ઉપર અનેક પ્રકારનાં આવરણો આવે અને ૨૫૦૦ વર્ષો પુરા થાય ત્યાર પછી શ્રી તીર્થંકર પરમાત્મા શ્રી ભગવાન મહાવીર સ્વામીનું શાસન અને બોધ બાળજીવોને કેવી રીતે પ્રાપ્ત થાય ? કે જ્યારે પાંચમાં આરામાં (કળિયુગમાં) શ્રી તીર્થંકર પરમાત્મા અને કેવળી ભગવંતો જન્મવાનાં નથી. ત્યારે શ્રી પરમાત્માનો બોધ કે જેને સિધ્ધાંત બોધ કે નિશ્ચયબોધ કે આત્મધર્મ કે ગીતાર્થ બોધ જે નામ વ્યવહારથી આપવું હોય તે આપીએ, તે મોક્ષમાર્ગનો બોધ બાળજીવો કેવી રીતે પ્રાપ્ત કરશે ? તેવી મુંઝવણ સહિત ઈન્દ્રોએ શ્રી તીર્થંકર પરમાત્માને નમ્રતાસહિત બાળજીવોનાં આત્મકલ્યાણાર્થે આદરપૂર્વક જણાવ્યું ત્યારે તેનાં ઉત્તર સ્વરૂપે શ્રી તીર્થંકર પરમાત્માએ ફરમાવ્યું કે પાંચમાં આરાનાં અંત સુધીનાં ૨૧૦૦૦ વર્ષો સુધી મોક્ષમાર્ગ સાંકડી કેડી જેવો રહેશે. (જૈન ધર્મમાં શ્રી તીર્થંકર

### * સત્સંગ *

**નિશ્ચય બોધને ન જાણવો એ અજ્ઞાન છે. નિશ્ચયબોધને જાણીને કે જાણ્યાં વગર ખોટો ગણવો કે ખોટો મનાવવો તે મિથ્યાત્વ ગણાય. નિશ્ચયબોધનાં લખાણ કે વાણીને ખોટી માનવી કે મનાવવી તે શ્રી તીર્થંકર પરમાત્માની અને શાસ્ત્રોની વિરાધનાં કરી ગણાય. નિશ્ચયબોધનાં સાધકો, આરાધકો અને ધારકોની નિંદા કરવી, વિઘ્નો ઉભા કરવા કે તેમના પ્રત્યે દ્વેષભાવ કે દુર્ભાવ સહિત વર્તવું એટલે અનંત ભવ સુધી જ્ઞાન, જ્ઞાની અને શ્રી પરમાત્માનો વિયોગ થાય અને તેનાં ફળ સ્વરૂપે એક સમય પણ શાંતિ-સ્થિરતા અને પ્રસન્નતાં પ્રાપ્ત ન થાય, તેવા પ્રકારથી બાળજીવો વૈચારિક અશાંતિ અને અસ્થિરતા પામે તેવા યોગફળ પ્રાપ્ત કરે અને શાંતિ માટે નિશ્ચયબોધનો આધાર ન લેતાં (લેવો મુશ્કેલ બને) પુણ્યલક્ષનો આધાર લઈને પુણ્યલક્ષી બને, અને કષાય સહિતનાં પુણ્યનાં કારણે પુણ્યફળથી પ્રાપ્ત થયેલાં માનેલા સંસારીસુખમાં પણ બળવાન અશાંતિ અને આર્તધ્યાની અને રૌદ્રધ્યાની બને. અને તેનાં ફળ સ્વરૂપે ભાવિ ભવોમાં મનુષ્યપણાંનાં યોગ પણ સંજોગ કારણે ગુમાવી દે, અને અનંતભવ અને કદાચ દેવલોક મળ્યો હોય તો ત્યાં પણ વૈચારિકપણે અનંત-અનંત દુ:ખોનું વેદન વેદે.**

પરમાત્મા શ્રી ભગવાન મહાવીર સ્વામીનું શાસન ૨૧૦૦૦ વર્ષો સુધી જયવંતું રહેશે.) અને શ્રી તીર્થંકર પરમાત્માએ જે દેશના (જ્ઞાન) બાળજીવો માટે, બાળજીવો સમજી શકે તેવી લોકભાષામાં અને બાળજીવો આરાધી શકે તેવાં પ્રકારનું જે જ્ઞાનમાર્ગેથી જ્ઞાન પ્રકાશ્યું હતું તેવું જ્ઞાન શ્રી પરમાત્માનાં નિર્વાણ પછી લગભગ ૨૫૦૦ વર્ષો પછી આત્માનુંભવિ (આત્મસાક્ષાત્કારી) જ્ઞાની પુરૂષો થકી મોક્ષમાર્ગ લોકભાષામાં લોકો સમજી અને આરાધી શકે તેવી સરળ રીતથી પ્રકાશીત થશે અને તે જ્ઞાનમાર્ગનાં પ્રકાશક એવા આત્માનુંભવિ જ્ઞાની પુરૂષો એક અવતારી હશે (આવતા ભવે મોક્ષ પામવાવાળા). શ્રી તીર્થંકર પરમાત્માની દેશના અનુસાર વર્તમાન ક્ષેત્રનાં વર્તમાન કાળમાં (પાંચમાં આરામાં) ભરતક્ષેત્રનાં સર્વ મોક્ષમાર્ગી ધર્મોમાં ધર્મનાં તત્વોનું મુળ સ્થાપન કરવા દરેક મોક્ષમાર્ગી સંપ્રદાયમાં સમયે સમયે એક અવતારી જ્ઞાની પુરૂષો જન્મ ધારણ કરશે અને દરેક મોક્ષમાર્ગી ધર્મોમાં મુખ્ય તત્વ એવું જીવ અને અજીવનું સ્થાપન કરીને મોક્ષમાર્ગને ખુલ્લો (પ્રકાશીત) કરશે. અને જે જે મોક્ષમાર્ગી સંપ્રદાયનાં શ્રી ઈષ્ટદેવો હશે તે દેવોનું અને તેમણે રચાવેલાં શાસ્ત્રોનું તે સંપ્રદાયમાં જન્મેલાં એક અવતારી જ્ઞાની પુરૂષો સ્થાપન કરશે. અને પાપ-પુણ્યની વૃત્તિને વાળીને આત્મલક્ષ તરફ વૃત્તિને વળાવશે અને એ પ્રકારથી મોક્ષમાર્ગને પ્રકાશીત લોકભાષામાં જ્ઞાનમાર્ગે કરશે. (૨૧૦૦૦ વર્ષોમાં લગભગ ૨૧૦૦ એક અવતારી જ્ઞાની પુરૂષો થશે અને તે ૨૧૦૦ જ્ઞાની પુરૂષોમાં મોટાભાગનાં જ્ઞાની પુરૂષો સંસારી અવસ્થાનાં શ્રાવકપણાંમાં થશે તેવી શાસ્ત્રોમાં આગમવાણી ભાખેલી છે.) આવા એક અવતારી (આવતા ભવે મોક્ષે જવાવાળા) જ્ઞાની પુરૂષો જ્ઞાનબળે, વિચારબળે, યોગબળે અને બુધ્ધિની નિર્મળતાએ, વિચારોની વિલિનતાએ, દ્રષ્ટિની સાર્થકતાએ, સમજણમાં સરળતાએ, ભાવનામાં શ્રી પરમાત્માની પ્રભાવકતાએ, આત્મામાં અચળતાએ, આત્મીક ગુણોએ અને શારિરીક લક્ષણોથી (આત્મીક ગુણો સિવાયનાં ગુણો શરીર લક્ષણો ગણાય, મનનાં, બુધ્ધિનાં અને ચિત્તનાં લક્ષણોને) દ્રવ્ય, ભાવ અને સ્વભાવથી એક અવતારી જ્ઞાની પુરૂષો ૭માં ગુણસ્થાનકનાં સ્વભાવિક જીવ હોય છે અને દ્રવ્યથી ૮માં ગુણસ્થાનકની તૈયારી કરતાં હોવાથી (પુરૂષાર્થ કરતાં હોવાથી) દ્રવ્યે કેવળી ભગવંત ગણાય અને મનાય છે અને તે પ્રકારથી હોય જ છે તેની વિચારણાં આગળ કરશું.

**જે ગુણે નિમિત્ત દોષ ટળ્યો,**
**થયો ઈચ્છા રહિતનો યોગ,**
**પાપ-પુન્ય વિયોગથી,**
**થયો શુધ્ધનો યોગ.**

શ્રી તીર્થંકર પરમાત્મા શ્રી ભગવાન મહાવીર સ્વામીનાં નિર્વાણથી લઈને વર્તમાન સમય સુધીનો જે લગભગ ૨૫૦૦ વર્ષોનો સમય ગયો તે કેવા પ્રકારથી મોક્ષમાર્ગ પ્રકાશતો હતો તેની લગભગ સમજણ સંજોગ અવસ્થા અને બાળજીવોની દૈહિક અને સંજોગ અવસ્થાની મુખ્ય મુખ્ય લક્ષણોથી નિર્મળ બુધ્ધિએ, સત્યાંશ સ્વરૂપથી વિચારીએ.

**જે ભુલે ભટક્યો ઘણું,**
**થયું ભુલનું ભાન,**
**જે ભાને ભુલો તુટી,**
**છુટ્યું ભ્રમણ સંસાર.**

જ્યારે શ્રી તીર્થંકર પરમાત્મા શ્રી ભગવાન મહાવીર સ્વામી સદેહે વિચરતા હતા તે યુગને આપણે શાસ્ત્રોનાં આધાર સહિત વ્યવહારથી ચોથો આરો ગણીએ અને માનીએ છીએ તે સમયથી થોડા સમય આગળ જ શ્રી તીર્થંકર પરમાત્મા શ્રી પાર્શ્વનાથ પ્રભુ સદેહે વિદ્યમાન હતાં તેને કારણે શ્રી તીર્થંકર પરમાત્મા શ્રી મહાવીર સ્વામીનાં સમયમાં મોક્ષમાર્ગનાં જાણકાર, માનનાર અને અનુભવનાર એવા શ્રી આત્માનુભવિ જ્ઞાની પુરૂષો અને શ્રી કેવળી ભગવંતો અનેક હતાં અને તેને કારણે બાળજીવોને મોક્ષમાર્ગ જ્ઞાન સ્વરૂપથી મળવાનાં બળવાન યોગ ગણાય અને તેનાં કારણે જ આપણે વ્યવહારથી ચોથા આરાનો ઉલ્લેખ વારંવાર કરીએ છીએ. શ્રી તીર્થંકર પ્રભુનાં સમયમાં જ્ઞાનમાર્ગ પૂર્ણ સ્વરૂપથી પ્રકાશીત હતો અને ત્યારે મોક્ષમાર્ગ જ્ઞાન અને યોગમાર્ગથી ખુલ્લો હતો અને તેનાં કારણે ૧૪ ગુણસ્થાનકની મોક્ષમાર્ગની બંને શ્રેણી (ઉપશમ શ્રેણી અને ક્ષેપક શ્રેણી) બંનેમાં ક્રમિકપણે બાળજીવો આગળ વધીને મોક્ષપ્રાપ્તી કરતાં હતાં. પહેલી ઉપશમ શ્રેણીમાં બાળજીવો ભાવ અને શ્રધ્ધાનાં બળે અને લગભગ કેવળી ભગવંતોની નિશ્રામાં આરાધતાં હતાં. અન્ય બાળજીવોની આત્માની પર્યાય અને ભાવનું પૂર્ણ જ્ઞાન અને પર્યાય અને ભાવોની અવસ્થા બદલાય ત્યારે તે કેવા સ્વરૂપમાં અવસ્થા પ્રાપ્ત કરશે તેનું પૂર્ણ જ્ઞાન કેવળી ભગવંતોને જ જ્ઞાનમાં પ્રકાશીત થાય, ૭માં ગુણસ્થાનકમાં ભાવોનું જ્ઞાન પ્રકાશીત થાય પણ પૂર્ણ ભાવોનું જ્ઞાન પ્રકાશીત ન થાય અને ન થવાનું કારણ ચિત્તની પૂર્ણ સ્થિરતાં ન વર્તાય માટે (વર્તી શકાય છે). આ ઉપશમ શ્રેણીમાં બાળજીવોને પાછા પડવાનાં સંજોગ કારણ ઘણાં હોવાથી મોટા ભાગનાં બાળજીવો શ્રધ્ધા અને ભાવમાં ભ્રમિત થવાથી પડે છે માટે સિધ્ધાંતથી મોક્ષમાર્ગનો એક માર્ગ ગણાય (યોગમાર્ગ). પણ વ્યવહારથી તેનો નિષેધ ગણાય અને તેની વિશેષ વિચારણાં ભાવી લેખાંકમાં યોગે કરીને વિચારશું. અને બીજી શ્રેણી કે જેને ક્ષેપક શ્રેણી કહેવાય છે, તેમાં બાળજીવો જ્ઞાન અને લક્ષ સહિત અનુભવ અને સ્વભાવથી ક્રમીકપણે આગળ વધે છે અને તેમાં બાળજીવો અટકે ખરા પણ પાછા પડે નહીં તેવો સલામત મોક્ષમાર્ગ હોવાથી તેનો જ સર્વદા જ્ઞાની પુરૂષોએ આગ્રહ અને આરાધન સ્વિકાર્ય સમજ્યું છે, તેની વિચારણાં આગળ કરશું. આવી રીતે શ્રી તીર્થંકર પરમાત્મા શ્રી ભગવાન મહાવીર સ્વામીનાં સમયમાં બંને (યોગમાર્ગ અને જ્ઞાનમાર્ગ)થી જીવો મોક્ષ પ્રાપ્તી કરતાં તે સમયમાં આધ્યાત્મીક ક્ષેત્રમાં મંત્ર-તંત્રનો બળવાન પ્રભાવ વર્તાતો હતો. મંત્ર-તંત્રથી અનેક પ્રકારની લબ્ધીઓ જીવોને પ્રાપ્ત થતી હતી. તેનાં કારણે બાળજીવોમાં રીધ્ધી-સિધ્ધીઓ અને ચમત્કારોનું બળવાન આકર્ષણ રહેતું અને તેનાં તરફ વિશેષ આકર્ષાતા હતાં અને તે સમયમાં બાળજીવોને સંયુક્ત કુટુંબ અવસ્થાને કારણે અને રાજ્ય આશ્રીત હોવાથી બંનેમાં કુટુંબનાં વડિલની આજ્ઞા અને રાજાને

### * સત્સંગનું ફળ *

**૧) શ્રી નમસ્કાર મહામંત્રનાં પ્રથમ પાંચ પદોનું ઉપકારીપણું જણાવીને, સમજાવીને, મનાવીને, શ્રધ્ધામાં લાવીને, ઉપકારીભાવે આરાધાવી દે,**
**૨) સમ્યગદર્શનનાં પ્રમુખ પાંચ લક્ષણોથી બાળજીવોને જીવન, જીવરાવી દે,**
**૩) જીવને દેહાત્મબુધ્ધિ થવાનાં પાંચ કારણોને મમત્વભાવ ત્યગાવીને, આસક્તિમાં શાંતભાવ કરાવીને, રાગ-દ્વેષમાં સમ સ્થિતી કરાવીને, સુખ દુ:ખમાં સમદ્રષ્ટિ સ્થપાવીને, નમ્રતાનો ગુણ કેળવાવીને, આદરભાવ અને ઉપકારીપણું જગતનું શ્રધ્ધાવીને, જીવન જીવરાવી દે,**
**૪) પાંચ ઈન્દ્રિયોનાં વિષયોમાં, ઉદાસીનતાં કેળવરાવીને, સંસારધર્મ સમજાવીને, આત્મધર્મ ઉગાડીને, પાપ-પુણ્યથી પર કરીને, સત્સંગનું બળ આપીને, જીવન જીવરાવી દે,**
**૫) પાંચ કષાયો : ક્રોધ, મોહ, માયા, લોભ અને દ્વેષને, ક્રોધને મૌનથી, મોહને અનાસક્ત ભાવથી (નાશવંતપણાની જાણથી), માયાને ક્ષણીક સુખનાં ભાવે, લોભને સંતોષીપણાથી અને દ્વેષને ઉપકારી અને આદરભાવે, સહનશીલતાનો ગુણ પ્રગટાવવા, સમજણથી જીવન જીવરાવી દે, તે સ્થળનું નામ સત્સંગસભા કે ધર્મસભા કહેવાય. અને તેમાં બાળજીવોને હસતાં-રમતાં, આનંદમાં રાખીને પ્રસન્નતાંપૂર્વક પ્રભુ પ્રભુ કરાવીને પ્રભુ સ્મરણમાં રખાવીને આનંદ સહિત, આનંદ-આનંદ કરાવીને, પરમ આનંદમાં લાવીને, નિત્યાનંદમાં મૂકીને અખંડ આનંદમાં સ્થિર કરાવે, તેનું નામ સત્સંગ અને તેમાં સ્થિર થનાર બાળજીવોને બુધ્ધિગમ્ય અને અનુભવગમ્ય પરીણામો પ્રાપ્ત થાય તે**
**આત્મીક પરીણામનું ફળ.**

અનુસંધાન પાના નં ૧૫ પર →

## ■ શ્રી યુગપ્રધાન આચાર્ય ભગવંતો ■

**જૈન સંપ્રદાયમાં લગભગ છેલ્લા ૧૦૦ વર્ષોમાં થયેલા સાધુ સંસ્થાનાં જે શ્રી ધર્માચાર્યોએ શાસ્ત્રો જાણીને, શાસ્ત્રોને માનીને, શાસ્ત્રોને આરાધીને, શાસ્ત્રોમાં રહેલી શ્રી તીર્થંકર પરમાત્મા શ્રી મહાવીર સ્વામી ભગવાનની દેશના સ્વરૂપનો નિશ્ચયબોધને આત્મસાત કરીને અને અભ્યંતર ચારિત્રથી વૈરાગ્ય પ્રગટાવીને આત્મીક ગુણો ઉપરથી આવરણો હટાવીને, આત્મવૈભવ જાગૃત કરીને, નિશ્ચયબોધનાં સિધ્ધાંતો ધારણ કરીને ધર્મસ્વભાવ બનાવીને મૂળ જ્ઞાનમાર્ગને પ્રકાશાવીને આત્મીક ગુણોનાં પ્રભાવે, ચારિત્રનાં યોગબળે, અને જ્ઞાનબળનાં વિચારથી, નિશ્ચયબોધનું (આત્મકલ્યાણ એવા મોક્ષમાર્ગનું) બળવાન પ્રતિકુળ સંજોગો અને પ્રતિકુળ જીવોની અવસ્થામાં શ્રી તીર્થંકર પરમાત્માનાં ''નામનો'', શ્રી તીર્થંકર પરમાત્માનાં ''નામથી'', શ્રી તીર્થંકર પરમાત્માનાં ''નામે'' ભાવીનાં બાળજીવોનાં આત્મકલ્યાણાર્થે નિશ્ચય ધર્મનું સ્થાપન કરીને શ્રી પરમાત્માનાં નિર્વાણ પછી લગભગ ૨૪૦૦ વર્ષો પછી લોકભાષામાં લોકો જાણી શકે, માની શકે અને બાળજીવો સરળતાથી આરાધી શકે એવા પ્રકારથી નિશ્ચય બોધનું (આત્મધર્મનાં જ્ઞાનમાર્ગનું) સ્થાપન કરીને જૈન સંપ્રદાય ઉપર ઉપકાર કરીને શ્રી તીર્થંકર પરમાત્માનો ઉપકાર માન્ય ગણીને ઉતારવાનાં પ્રયાસ સ્વરૂપે જે શ્રી ધર્માચાર્યોએ જ્ઞાનમાર્ગ પ્રકાશવાનું અને પ્રસારવાનું કાર્ય કર્યું તેઓ જૈન ધર્મમાં યુગ પ્રધાન તરીકે સ્થાપિત થયા છે, અને તે યથાર્થ છે, એવા યુગ પુરૂષોનો પરમ ભક્તિ ભાવથી અને અનન્ય ઉપકાર માનીને ત્રિકાળ ભાવે અહોભાવથી નમ્રતા સહિત, ભાવ વિભોરથી કોટી કોટી વંદના.**

**અનુસંધાન પાના નં ૧૪ થી ચાલું**

માન્ય ધર્મ આરાધી શકાતો હોવાથી (બાળજીવો સાચો ધર્મ જાણતાં હોવા છતાં આરાધી શકતાં ન હતાં) આશ્રીતપણાંમાં આત્મધર્મ આરાધવો અત્યંત મુશ્કેલ ગણાય અને તે સમયમાં બાળજીવોમાં શરીર બળ, શસ્ત્ર બળ, લબ્ધી બળનો પ્રભાવ બળવાન હોવાથી (માનભાવ અને નામભાવનું મમત્વ જીવને સર્વ સમયે બળવાન હોય જ છે.) બાળજીવો મોક્ષમાર્ગની બદલે આવા ચમત્કારી માર્ગે વિશેષ વળે છે. અને તેમાં અટવાય છે. અને મળેલું મનુષ્યપણું અને શ્રી તીર્થંકર પરમાત્માનો યોગ ગુમાવી દે છે. શ્રી તીર્થંકર પરમાત્માની સદેહે હાજર અવસ્થામાં બાળજીવો ઓળખી શકે તેવું એકપણ પ્રગટ લક્ષણ બાળજીવો જાણી શકતાં નથી. (શ્રી તીર્થંકર પરમાત્મા નિયમથી ચમત્કારો કરે નહીં અનેક રાજયોગો અને લબ્ધીઓ હોવા છતાં) અને જે ગુણોથી જાણી શકાય તે ગુણો જાણવાં શ્રી પરમાત્માની સાથે વિચરવું પડે અને તેવી બાળજીવોને સંજોગ અવસ્થા હોતી નથી, તેથી કરીને બાળજીવોને સદેહે શ્રી તીર્થંકર પરમાત્માનો યોગ પ્રાપ્ત થવા છતાં ટળી જાય છે. (ટાળી દે છે). જો શ્રી તીર્થંકર પરમાત્માનો યોગ અને ઓળખાણ પુણ્યથી થતું હોત તો શ્રી પરમાત્મા પાસે (તેમની નિશ્રામાં) બધા અમીર અને ધનવાન હોત પણ તેમ નથી હોતું અને જો શ્રી તીર્થંકર પરમાત્માને પ્રગટ લક્ષણોથી ઓળખી

> **જે બોધે યોગી થયો,**
> **કર્યો યોગનો જોગ,**
> **ટાળ્યાં ભવનાં ભોગને,**
> **કર્યો ભાગ્યનો ભંગ.**

શકાતાં હોત તો તેમનો જ શિષ્ય તેમની સામે પડ્યો તેનો અનુયાયવર્ગ શ્રી પરમાત્માનાં સંઘ કરતા મોટો બનાવી શક્યો ન હોત, શ્રી ગોશાળકે ચમત્કારો કરીને બાળજીવોને આકર્ષીત કર્યા ગણાય અને તે બાળજીવોને મોક્ષમાર્ગનાં બદલે અન્ય માર્ગમાં જવાનું અને આરાધવાનું કારણ શું ? તેની વિશેષ વિચારણાં ભાવિ લેખાંકમાં યોગે કરીને વિચારશું.

> **એ ઉપયોગીનાં પ્રયોગથી,**
> **થયો આત્માનુંભવ,**
> **અવિનાશીનાં જોગથી,**
> **થયો નાશ ભવયોગ.**

શ્રી તીર્થંકર પરમાત્મા સદેહે વિચરતાં હતાં તે સમયને જ્ઞાન અને યોગમાર્ગે મોક્ષે જવાનો રાજમાર્ગ ગણાય. અને શ્રી તીર્થંકર પરમાત્માનાં નિર્વાણ પછી થોડા સમયમાં ચોથો આરો પૂર્ણ થયો અને સાથે કેવળજ્ઞાનનો પણ લોપ થયો (ક્ષય થયો). કેવળજ્ઞાન એટલે સ્વભાવે અને અનુભવમાં ફક્ત જ્ઞાન જ રહે અન્ય કશું નહીં તેનું નામ **''કેવળજ્ઞાન''**. આ કેવળજ્ઞાન કે જેનાં ફળ સ્વરૂપે જીવનાં નિર્વાણથી આત્મા ત્યારે જ મોક્ષ પ્રાપ્ત કરે. મોક્ષ પ્રાપ્તી પાંચમાં આરામાં શક્ય ન હોવાથી સ્વભાવે અને અનુભવે કેવળજ્ઞાનનો જ ફક્ત નિષેધ કરેલો છે. અન્ય કોઈપણ જ્ઞાનનો શાસ્ત્રમાં નિષેધ નથી. (આ કાળ અને આ ક્ષેત્રમાં આજ ભવે મોક્ષ પ્રાપ્તી નથી ''પણ'' એક ભવ પછી (આવતા ભવે) અન્ય ક્ષેત્રથી મોક્ષ પ્રાપ્તી માન્ય છે, તેથી એક ભવે મોક્ષે જવાવાળા જીવોનું જન્મવું તે શ્રી પરમાત્માએ આગમવાણી સ્વરૂપે ફરમાવ્યું છે.)

શ્રી તીર્થંકર પરમાત્માનાં નિર્વાણ પછી અને ચોથો આરાની પૂર્ણતા સાથે કેવળજ્ઞાનનાં ક્ષય સહિત, પાંચમાં આરાનાં થોડા સમય પછી બાળજીવોની સંજોગ અવસ્થા, ક્ષેત્ર અવસ્થા અને સમય અવસ્થાને કારણે જ્ઞાનમાર્ગનો લોપ થવાનું શરૂ થયું અને તેની સાથે તે સમયની ક્ષેત્ર અવસ્થા અને બાળજીવોની વૈચારિક અવસ્થા અનુસાર (બાળજીવોમાં સમજવાની શક્તિ અલ્પ અને શારિરીક બળ વધારે) યોગમાર્ગ શરૂ થયો અને બાળજીવો યોગમાર્ગથી મોક્ષમાર્ગમાં આગળ ક્રમિકપણે ચાલ્યા અને તે સમયમાં જે જ્ઞાની મહાપુરૂષો જન્મયા અને થયા તે જ્ઞાની પરૂષો યોગમાર્ગ પામ્યાં અને અન્ય બાળજીવોને યોગમાર્ગથી મોક્ષમાર્ગી બનાવ્યાં (તે સમયમાં નગર છુટા છવાયાં અને પહાડો, ગુફાઓ અને વનરાયીઓ વિશેષ હતી. [યોગને અનુકૂળ]) અને યોગમાર્ગ પૂરો થયો અને ભક્તિમાર્ગ શરૂ થયો. ભક્તિમાર્ગે મોક્ષપ્રાપ્તી શરૂ થતાં તે સમયની ક્ષેત્ર અવસ્થા પહાડો અને ગુફાઓનો ક્ષય થવા લાગ્યો નગરો વધવા માંડ્યા અને વનરાયીઓ ઓછી થવા લાગી અને બાળજીવોમાં વૈચારિક બળ અને શારિરીક બળ ઘટવા માંડ્યું અને તે સમયમાં જે જે જ્ઞાની મહાપુરૂષો થયા તેઓએ મોક્ષમાર્ગ ભક્તિગીતોમાં સ્થાપીને આપ્યો અને બાળજીવો ભક્તિગીતોથી (ગાવાથી ગુણ પ્રગટે અને સાંભળવાથી શાંતિ મળે) ભક્તિમાર્ગે આગળ ક્રમીકપણે વધ્યાં, આવી રીતે શ્રી તીર્થંકર પરમાત્મા શ્રી મહાવીર સ્વામી ભગવાનનાં નિર્વાણ પછી લગભગ ૨૪૫૦ થી ૨૫૦૦ વર્ષોનો સમય મોક્ષમાર્ગ, યોગમાર્ગે અને ભક્તિમાર્ગથી પ્રકાશ્યો અને પછી આવ્યો જ્ઞાનમાર્ગ કે જે શ્રી તીર્થંકર પરમાત્માએ આપેલો, સ્થાપેલો અને બાળજીવો આરાધી શકે તેવો સરળ અને સમજી શકાય તેવો લોકભાષામાં મોક્ષમાર્ગ પ્રકાશીત થવાનું શરૂ થઈ ગયું છે. (જે આગમવાણી સ્વરૂપે બાળજીવોને લગભગ ૨૫૦૦ વર્ષો સુધી મોક્ષમાર્ગ ઉપર આવરણ આવવાથી મળવો મુશ્કેલ ગણ્યો હતો.)

> **શ્રી જિનનાં ઉપદેશથી,**
> **માન્યું સદ્ગુરૂ રૂપ,**
> **જાણ્યું સદ્ગુરૂ બોધથી,**
> **શ્રી જિનનું એ સ્વરૂપ.**

આપણે જૈન સંપ્રદાયમાં પૂર્વનાં થયેલા યોગીક જ્ઞાની મહાપુરૂષો અને ભક્તિમાર્ગનાં જ્ઞાની મહાપુરૂષો (૩૬ ગુણોથી યુક્ત શ્રી આચાર્ય ભગવંતો)એ, યોગનાં શાસ્ત્રો આપ્યા અને શ્રી પરમાત્માનાં સ્તવનો રચીને આપ્યાં એવા સર્વ જ્ઞાની મહાપુરૂષોનાં નામ અને કાર્યથી પરિચીત છીએ. તેથી તેની વિચારણાં કરતાં નથી.

હવે વર્તમાન સમયથી છેલ્લાં લગભગ ૧૦૦ થી ૧૫૦ વર્ષોમાં જૈન સંપ્રદાયમાં જે આત્માનુંભવિ જ્ઞાની મહાપુરૂષો (સાધુ સંસ્થામાં કે શ્રાવકપણામાં) થયા તેઓએ જ્ઞાન સ્વરૂપથી શ્રી તીર્થંકર પરમાત્મા શ્રી ભગવાન મહાવીર સ્વામીએ દેશના સ્વરૂપ આપેલો (સિધ્ધાંત બોધ) નિશ્ચયબોધને બાળજીવો સમજી શકે, જાણી શકે, આરાધી શકે અને અનુભવીને ક્રમીકપણે ક્ષેપક શ્રેણીથી આત્મ વિકાસ સાધી શકે તેવા સ્વરૂપથી આપ્યો અને પ્રકાશ્યો છે. (વર્તમાન સમયમાં બાળજીવોની સંજોગ અવસ્થા અને રાજ્ય અવસ્થા સંપૂર્ણ સ્વતંત્ર, આત્મધર્મ આરાધવાનાં પૂર્ણ યોગ એવી ધાર્મિક સ્વતંત્રતા) વર્તમાન સમયનાં બાળજીવોની સત્યની મુઢતાંને કારણે જાણવાની વૃત્તિ વધારે, માનવાની અને આરાધવાની વૃત્તિ ઓછી વર્તમાન કાળમાં જન્મેલાં બાળજીવોનું કંઈક અંશે દુર્ભાગ્ય કે તેમનાંમાં પુણ્ય

> **જે ભાવે અહિંસક થયો,**
> **છુટ્યો હિંસાનો યોગ,**
> **નિર્ભયતાથી નિર્ભયપણાંથી,**
> **ટાળ્યો ભવનો ભય.**

બાંધવાની વૃત્તિ બળવાન પણ આત્મકલ્યાણ, જાણવાની, પામવાની અને આરાધવાની ક્ષીણતા અને તેનું કારણ પૂર્વમાં કરેલી નિશ્ચયબોધની વિરાધનાં મુખ્ય ગણાય (માટે તેમને લગભગ પુણ્યલક્ષી શ્રી ધર્માચાર્યોનો યોગ વિશેષ થાય અને તે યોગ ગમે પણ ખરો), નિશ્ચયબોધને ટાળવાની વૃત્તિ બળવાન બને, એ આ વર્તમાન કાળમાં જન્મેલા જીવોને મળેલા શ્રેષ્ઠયોગનું નિષ્ફળપણું ગણાય. છેલ્લા લગભગ ૧૦૦ વર્ષોમાં જૈન ધર્મનાં સંપ્રદાયમાં થયેલા, આત્માનુભવિ એક અવતારી જ્ઞાની મહાપુરૂષ (શ્રાવકપણાંના) અને સાધુ સંસ્થામાં થયેલા યુગ પુરૂષો કે જેમને યુગ પ્રધાન કહેવાય તેવા જ્ઞાની અને યુગ પ્રધાન પરમ મહાપુરૂષો થકી શ્રી તીર્થંકર પરમાત્માએ દેશના સ્વરૂપ આપેલો અને શાસ્ત્રો સ્વરૂપ સ્થાપેલો એવો નિશ્ચયબોધ (મોક્ષમાર્ગ) પ્રકાશીત કરવાનું શ્રી મહાવીર પરમાત્માનાં મુળ ધર્મને પ્રગટ કરીને સ્થાપવાનું કાર્ય છેલ્લા ૧૦૦ વર્ષોમાં થયેલા જ્ઞાનમાર્ગી મહાપુરૂષોએ કર્યું માટે તેઓ મોક્ષમાર્ગનાં સાર, જૈન ધર્મનાં આધાર અને બાળજીવોનાં આત્મકલ્યાણનાં ઉધ્ધારક ગણાય.

અને એજ શ્રી તીર્થંકર પરમાત્મા શ્રી મહાવીર સ્વામી ભગવાનનાં શાસન ઉપર આવેલા આવરણ હટાવવાનું અને મુળ માર્ગ (જ્ઞાનમાર્ગ) સ્થાપવાનું બળવાન ધર્મકાર્ય ગણાય અને એજ આધ્યાત્મીક ક્ષેત્રમાં મોક્ષમાર્ગમાં આવેલું પાતળાપણાને ઉન્નતિપણામાં પ્રકાશવાનું અને જૈનધર્મનો પ્રભાવ-પ્રસાર અને પ્રચાર પામીને શ્રી તીર્થંકર પરમાત્મા શ્રી મહાવીર સ્વામી ભગવાનનું શાસન જયવંતું થાય, જયવંતું વર્તે અને જયવંતું રહે અને ''સવિ જીવ કરૂ શાસન રસી''નો મુળ મંત્ર જગતનાં સર્વ જીવો પામે, એજ જૈનકુળમાં જન્મેલા, કર્મે જૈન બનેલાં અને ધર્મે જૈનપણું ધારણ કરેલા સૌ બાળજીવોનું જીવન કર્તવ્ય ગણાય. અને એજ મહાપુરૂષોએ પ્રકાશેલો અને યુગપ્રધાન શ્રી આચાર્ય ભગવંતોએ સ્થાપેલો ધર્મનું નિશ્ચયબોનું, (શ્રી પરમાત્માએ આપેલી દેશના સ્વરૂપબોધનું) બાળજીવોએ કરેલું, આદરભાવથી, અનુમોદના સ્વરૂપભાવથી, અહોભાવથી,

> **એ જ્ઞાનદશાને માણવા,**
> **કર્યો સત્ય પુરૂષાર્થ,**
> **કાળ-ક્ષેત્રનાં દોષને,**
> **માન્યો મનનો મેલ.**

ઉપકારીપણું માનીને કરેલા ભાવથી અને આરાધકપણાંનાં ભાવથી કરેલી વંદના એજ જ્ઞાનની આરાધના, જ્ઞાનીની ઉપકારી વંદના અને શાસ્ત્રોમાં અપૂર્વ શ્રધ્ધા કરી, શ્રધ્ધા રાખી અને શ્રધ્ધા માની ગણાય.

કોઈપણ ક્ષેત્રથી, કોઈપણ સમયે, પૂર્વનાં, વર્તમાનનાં અને ભવિષ્યનાં સર્વ શ્રી તીર્થંકર પરમાત્માઓ, સિધ્ધાંત સ્વરૂપનાં નિયમથી પૂર્ણ ત્યાગ, પૂર્ણ વૈરાગ્ય અને પૂર્ણ જ્ઞાન (કેવલ્યજ્ઞાન)નાં પ્રકાશયાં પછી, અજ્ઞાન બાળજીવોનાં મોક્ષ માટે, મોક્ષમાર્ગનું પૂર્ણ જ્ઞાન દેશનાં સ્વરૂપે પ્રકાશાવીને અને તે જ્ઞાન શ્રી ગણધર પરમાત્માઓ શાસ્ત્રો સ્વરૂપથી ભવિષ્યનાં બાળજીવોનાં આત્મકલ્યાણ અને મોક્ષપ્રાપ્તી માટે સાચવવા શાસ્ત્રોની રચનાં કરે છે અને કરાવે છે. આવી રીતે શ્રી તીર્થંકર પરમાત્મા મોક્ષમાર્ગનાં જ્ઞાનનું સ્થાપન કરાવીને મોક્ષધર્મનું સ્થાપન (ધર્મનું સ્થાપન) કરાવે છે. શ્રી તીર્થંકર પરમાત્માનાં શ્રી તીર્થંકર નામ-યશ કર્મનાં ફળ સ્વરૂપથી વર્તમાન ક્ષેત્રનાં અંતિમ શ્રી તીર્થંકર પરમાત્મા શ્રી ભગવાન મહાવીર સ્વામી વર્તમાન સમયથી લગભગ ૨૫૫૦ વર્ષો પહેલા થયાં અને તેમનું શાસન

> **શ્રી જિનનાં ઉપકારથી,**
> **જાણ્યું સિધ્ધ સ્વરૂપ,**
> **સદ્ગુરૂ સ્વાધ્યાય સાધીને,**
> **ધર્યું માત-પિતાનું માન.**

(શ્રી તીર્થંકર પરમાત્માનાં નામથી મોક્ષમાર્ગ, જૈન સંપ્રદાય), પાંચમાં આરાનાં ૨૧૦૦૦ વર્ષો સુધી મોક્ષધર્મથી પ્રકાશતું રહેશે. (શ્રી મહાવીર સ્વામી પછી આ ઉતરતાં કાળમાં અન્ય શ્રી તીર્થંકર પરમાત્મા થવાનાં નથી અને ૬ ઠ્ઠા આરામાં મોક્ષમાર્ગ લુપ્ત થવાનો હોવાથી). પાંચમાં આરાનાં લગભગ ૨૧૦૦૦ વર્ષો સુધી શ્રી તીર્થંકર પરમાત્મા શ્રી મહાવીર સ્વામીએ સ્થાપેલા ધર્મથી જૈન સંપ્રદાયનાં બાળજીવો મોક્ષપ્રાપ્તીની આરાધના કરશે. (શ્રી તીર્થંકર પરમાત્મા શ્રી મહાવીર સ્વામી ભગવાને સ્થાપેલા સંઘને વર્તમાનમાં જૈન સંપ્રદાય કહેવાય છે.) શ્રી

**અનુસંધાન પાના નં ૧૬ પર →**

**અનુસંધાન પાના નં ૧૫ થી ચાલું**

તીર્થંકર પરમાત્મા નાં નિર્વાણનાં થોડા સમય પહેલા જ્યારે ઈન્દ્રોએ, મુંઝવણ સહિતની ઉત્સુકતાપૂર્વક નમ્રતા સહિત જણાવ્યું કે શ્રી પ્રભુ આપે સ્થાપેલા ધર્મ ઉપર આપનાં નિર્વાણ પછી થોડા સમયમાંજ આવરણો આવશે, અને જ્ઞાનમાર્ગ ઉપર આવરણો

**એક અવતારનો જન્મ ધરીને,**
**ઉગ્યો ''પુનમ''નો ચાંદ,**
**ભવનાં બીજનો ક્ષય થતાં,**
**થયો સૂર્ય પ્રકાશ.**

આવશે, અને તેની સાથે જ પૂર્ણ જ્ઞાન (કેવલ્યજ્ઞાન)નો ક્ષય થશે, અને આ આવરણો લગભગ ૨૫૦૦ વર્ષો સુધી રહેશે, તો પછી ૨૫૦૦ વર્ષો પછી જ્ઞાનમાર્ગ કોણ પ્રકાશશે અને કેવા જીવો થકી આપનો આપેલો અને સ્થાપેલો જ્ઞાનમાર્ગ કેવી રીતે પ્રકાશીત થશે (શ્રી કેવળી ભગવંતો ન હોવાથી)? ત્યારે શ્રી તીર્થંકર પરમાત્માએ શ્રી કેવળી ભગવંતોથી થોડી નીચેની જ્ઞાન અવસ્થાવાળા જ્ઞાની પુરુષો થકી જ્ઞાનમાર્ગની ઉપર આવેલા આવરણો હટાવવાનું કાર્ય થશે, અને તે પણ પૂર્ણ મોક્ષમાર્ગનું જ્ઞાન હશે, તેવું ફરમાવ્યું અને તે ફરમાન અનુસાર શ્રી તીર્થંકર પરમાત્માએ એક અવતારીનું કાર્ય જ્ઞાનમાર્ગને પ્રકાશીત કરશે, એવું જણાવીને, પાંચમાં આરાનાં અંત સુધી જૈન સંપ્રદાયમાં સમયે સમયે આવેલા આવરણોને હટાવવાનું કાર્ય જૈન સંપ્રદાયમાં એક અવતારી જ્ઞાની મહાપુરુષોનાં જન્મથી, અવતારથી મોક્ષમાર્ગ

**શ્રી જિનનાં ઉપદેશથી,**
**જાગ્યો આતમ ભાવ,**
**શ્રી સદ્‌ગુરૂનાં શરણથી,**
**આવ્યો આત્મ સ્વભાવ.**

પ્રકાશીત રહેશે, અને તેથી શ્રી તીર્થંકર પરમાત્મા શ્રી ભગવાન મહાવીર સ્વામીનું શાસન જયવંતું રહેશે, આવી સમજણથી ઈન્દ્રો આનંદ સહિત સંતુષ્ટતા પામ્યાં. શ્રી તીર્થંકર પરમાત્માએ, મોક્ષનાં જ્ઞાનમાર્ગનાં આવરણ હટાવવા માટે જ્ઞાને કરીને એક અવતારી મહાપુરૂષોનો જ ઉલ્લેખ શા માટે કર્યો અને એક અવતારીનું શું વિશિષ્ટપણું હોય છે કે જેનાં કારણે શ્રી તીર્થંકર પરમાત્માએ પાંચમાં આરા માટે ઉલ્લેખવા પડ્યાં, તેની વિચારણાં ગુણો અને લક્ષણો સહિત વિચારીએ.

બાળજીવો અને શ્રી તીર્થંકર પરમાત્માઓ નિયમથી મોક્ષમાર્ગની આરાધના જ્ઞાનમાર્ગ અને ક્ષેપક શ્રેણીની આરાધના થકી જ મોક્ષગમન કરે છે. ઉપશમ શ્રેણી થકી અપવાદ સ્વરૂપી જીવો મોક્ષગમન કરે છે. (શ્રી તીર્થંકર પરમાત્માઓ તો નહીં જ) અને ઉપશમ શ્રેણીની આરાધનાં અને યોગ્યતા અલ્પ જીવોમાં જ અને મર્યાદિત સમય પુરતી જ હોય છે. અને તે શ્રેણીથી મોટા

**શ્રી જિનનાં ઉપદેશથી,**
**જાણ્યું આત્મ સ્વરૂપ,**
**શ્રી સદ્‌ગુરૂનાં સંયોગથી,**
**થયા મર્યાદિત ભવ.**

ભાગનાં જીવો, પાછા પડે છે માટે **જ્ઞાનમાર્ગ એજ મોક્ષમાર્ગ છે. જ્ઞાનમાર્ગ થકી જ બાળજીવો જગતનું અજ્ઞાન જાણી શકે અને પછી ટાળી શકે છે.** અજ્ઞાન એટલે : જગતનાં પદાર્થોનું નાશવંતપણાનું સ્વરૂપ, દેહથી પ્રાપ્ત થયેલાં સબંધોનાં મમત્વ અને રાગ-દ્વેષનું સ્વરૂપ, જગતનાં માનેલાં અને દેહ માટે માનેલા સુખોનું સ્વરૂપ, પાંચ ઈન્દ્રિયોનું સ્વરૂપ, કષાયોનું સ્વરૂપ અને ભવ-ભવાંતરથી ગાઢ થયેલી ભવ-ભ્રમણની પ્રકૃતિઓનું સ્વરૂપ, જ્ઞાન થકી જાણી શકાય અને સાથે આત્માનું અને આત્મીક ગુણોનું સ્વરૂપ જ્ઞાન થકી જાણી શકાય, અને ભવ-ભ્રમણની ગ્રંથીઓ ક્રમીકપણે ટાળતાં-ટાળતાં અને સાથે-સાથે આત્મીક ગુણો પ્રગટાવતાં પ્રગટાવતાં, અને અનંત ભવ-ભ્રમણથી બાંધેલા અને બાંધતા આવતાં કર્મોને વેદતા-વેદતા અને નવા કર્મો ન બંધાય અથવા અલ્પ બંધાય તેનું લક્ષ રાખીને અને સાથે અનેક કર્મોને નિર્જરાવીને જીવો કર્મમુક્ત કેમ થાય તે જ્ઞાન મોક્ષધર્મનાં જ્ઞાનથી

**જે બોધે ચોથે થયો,**
**આપ્યું પાંચમું સ્થાન,**
**ધરી મૌનતા છઠ્ઠાની,**
**પામ્યો સાતમું સ્થાન.**

અજ્ઞાન અને જ્ઞાનનો ભેદ જાણી શકે અને પછી ભેદ પાડીને જીવન જીવે તો બાળજીવને ભેદજ્ઞાન થાય માટે બાળજીવ પ્રથમ જ્ઞાન જાણીને અજ્ઞાન ટાળીને પછી જ્ઞાનમાં રહેવા માટે (આત્માનાં ઉપયોગથી વર્તવા માટે) જ્ઞાનમાં ટકવાનાં સહાયક સાધન તરીકે જ્ઞાન સહિતની ભક્તિમાં રહે, જ્ઞાન સહિતની ક્રિયાઓમાં રહે કે પછી જ્ઞાન સહિત ધ્યાનમાં રહે તે બાળજીવની દૈહિક અવસ્થા, સમય અવસ્થા કે સંજોગ અવસ્થા ઉપર આધાર રાખે છે. પણ દરેકમાં લક્ષ અને ઉપયોગ તો વિષયોમાંથી પાછા વળવું, કષાયોને મંદ કરવાં, અને રાગ-દ્વેષથી છુટવું તેવો ઉપયોગ અને પ્રયોગ હોવો જ જોઈએ, (આ દોષ કાઢવાનાં છે, દાબવાનાં નથી તેની ખાત્રી અને કસોટી પણ કરવી જોઈએ) અને પછી અંતરદશા જાણવાં અને માપવા ૧૪ ગુણસ્થાનકોનાં આધારથી ગુણો પ્રગટ્યા કે નહીં, અને કષાયવૃત્તિની નિવૃતિ થઈ કે નહીં તે જાણવું જોઈએ, આ છે ક્ષેપક શ્રેણીથી ભાવે આગળનાં ક્રમમાં જવાની સરળ સમજણ. (ફક્ત દ્રવ્યથી ભ્રમિતપણે ભાવ વગર આગળ આગળ ન જવાય). ક્ષેપક શ્રેણીમાં જીવ અટકે ખરો પણ પાછો ન પડે અને જે ગુણસ્થાનકે ગુણોથી હોય તે ગુણો ઉપર આવરણ સમય પૂરતાં રહે પણ ગુણો ગોપાય નહીં, અને ભાવિ ભવોમાં તેનો પુરુષાર્થ જે ગુણસ્થાનકે પૂર્વમાં અટક્યો હોય ત્યાથી કરવાનો હોય, પહેલેથી કરવો પડતો નથી તેજ ક્ષેપક શ્રેણીની વિશિષ્ટતા અને આત્મીક ક્રમાંકથી બાળજીવો આગળ વધવાનું કારણ જીવ જે ગુણસ્થાનકમાં હોય ત્યારે તે જીવ આગળનાં ગુણસ્થાનકનો ભાવ અને દ્રવ્ય તૈયાર કરે અને જ્યારે ભાવ અને દ્રવ્ય તૈયાર થાય ત્યારે અલ્પ પુરુષાર્થ થકી (ગમે તે સબળા કે નબળાં નિમિત્તથી, સુખે કે દુઃખે) ભાવ અને દ્રવ્યથી સ્વભાવ પ્રગટ થાય અને તે ગુણ અને સંસ્કાર થકી સર્વ સમયે સાથે રહેવાનો સ્વભાવિક સ્વભાવ બની જાય, અને પછી જીવ આગળનાં ગુણસ્થાનકનાં ભાવ અને દ્રવ્યથી તૈયાર થાય (તૈયારી કરે) આ ક્ષેપક શ્રેણીનાં ગુણસ્થાનકનો નિયમ. વિશેષ વિચારણાં ભાવિ લેખાંકોમાં યોગે કરીને વિચારશું.

## ■ જ્ઞાન પ્રકાશક યુગપુરૂષ ■

**શ્રી તીર્થંકર પરમાત્મા શ્રી મહાવીર સ્વામી ભગવાનનાં નિર્વાણ પછી ''જૈન શાસન'' ઉપર આવેલા આવરણોને હટાવવાનું અને જૈન શાસનમાં પુન: શ્રી વીર પ્રભુનો મુળ જ્ઞાનમાર્ગને સ્થાપવાનો યોગ (કેવળજ્ઞાનનાં નિષેધથી) દ્રવ્યે શ્રી કેવળી ભગવંત એક અવતારી (જ્ઞાનાવતારી) ''શ્રીમદ્ રાજચંદ્ર દેવ''નાં નામે ઓળખાતા મહાપુરૂષ થકી થયો, શ્રાવક અવસ્થામાં, ૭માં ગુણસ્થાનકમાં ઈચ્છા રહીત અને નિષ્કામ કરૂણાં દ્રષ્ટિ, અહિંસકભાવ અને નિર્ભયતાનાં ગુણ થકી (ત્યાગ એ વૈરાગ્ય પ્રાપ્તીનું સાધન) વૈરાગ્ય પ્રાપ્તીનાં સાધન વગર બળવાન વૈરાગ્ય ધારણ કરીને, અભ્યંતર ચારિત્ર પ્રગટાવીને, આત્મજ્ઞાનને (મુળજ્ઞાન) પ્રકાશાવ્યું અને ''જૈન શાસન'' ઉપર આવેલા આવરણો હટાવીને લાખો જીવોને શ્રી મહાવીર પ્રભુનાં માર્ગમાં લાવીને, શ્રી મહાવીર પ્રભુને માનતાં કર્યા, અને આજે લાખો જીવો તેમને શ્રધ્ધા સહિત માને છે, તેજ તેમને ''વર્તમાન કાળનાં બીજા વર્ધમાન'' અને દ્રવ્યે શ્રી કેવળી ભગવંત માનવા અને શ્રધ્ધવા, એજ બાળ કર્તવ્ય ગણાય, આજે તેમનાં લખાણ પૂર્ણ સમ્યક્‌જ્ઞાનથી ભરેલાં છે. તેમની ખાત્રી સ્વરૂપ તેમને શ્રધ્ધનાર જીવો તે જ્ઞાનને ન ભુલાય તેવું અપૂર્વપણું અનુભવે છે; આવા એક અવતારી દ્રવ્યે શ્રી કેવળી ભગવંત શ્રીમદ્ રાજચંદ્રદેવનો જૈન સંપ્રદાય સદાનો ઋણી રહેશે, અને તેનાં ઉપકારને ઉતારવાનો પ્રયાસ (ઉતારી શકતાં નથી) બાળજીવો તેમનાં સમ્યક્‌જ્ઞાનને જાણીને, માનીને, અને આરાધીને તેમનાં ઋણ મુક્ત પ્રયત્ન, એજ તેમની આરાધન ભક્તિ અને જ્ઞાન ભક્તિ ગણાય. આવા પરમ જ્ઞાન અવતારી મહાપુરૂષને કોટી-કોટી ત્રિકાળ વંદના, ઉપકાર માન્ય વંદના, અહોભાવથી વંદના.**

### ''એક અવતારી મહાપુરૂષો બનતાં નથી પણ હેતુપૂર્વક જન્મ ધારણ કરે છે.''

જે બાળજીવ પૂર્વનાં ભવોમાં દેહ અને આત્માની ભિન્નતા જાણેલી, દેહ અને આત્માની ભિન્નતા માનેલી અને દેહ અને આત્માની ભિન્નતા અનુભવેલી એવા અનુભવિનાં આશ્રયે એક ભવ તે અનુભવિની આજ્ઞાએ ધર્મ અને તે આજ્ઞામાં રહેવાનાં પુરુષાર્થને તપ ગણીને આત્માનુભવિ સદ્‌ગુરૂનું આશ્રીતપણું પામીને ભવમર્યાદાનું સમકિત (વધીને ૧૫માં ભવે મોક્ષગમન)નું ફળ પ્રાપ્ત કરીને કર્મ અનુસાર ભવોમાં ફરીને જ્યારે વધીને ૩જા ભવે મોક્ષગમન થાય તેવા ગુણોનું સ્વરૂપ અને સ્વભાવ પ્રાપ્ત થાય ત્યારે તે જીવ નિયમથી ગુણવાન, ભદ્રિક અને અલ્પભવિ માતાની કુક્ષે જન્મ ધારણ કરે છે. અને જન્મથી જ અને સમજણ આવે ત્યારથી જ કષાયો રહિતનું જીવન, વિષયોમાં ઉદાસીનવૃતિ સહજતાથી હોય છે અને બીજાનાં દુઃખે દુઃખી અને બીજાનાં સુખે સુખી તેવી ભાવના સહિત, દ્વેષ અને નિંદા રહિતનું જીવન, અન્ય

**કોઈપણ ક્ષેત્રથી, કોઈપણ કાળે, અને કોઈપણ વેશમાં મોક્ષમાર્ગ એક છે, (દેશકાળ પ્રમાણે સાધન-રીત અલગ) મોક્ષમાર્ગનો અનુભવ પણ એક સરખો છે. અને એ અનુભવનું ફળ પણ એક સરખું છે.**

જીવોને દુઃખ ન થાય તેવી વાણી અને વર્તન, આત્મ સ્વાવલંબીનો પૂર્ણ ગુણ, અન્યને સહાયક થવું પણ અન્યની સહાયતાં ન લેવી તેવો નમ્રતા સહિતનો ગુણ અને લીધી હોય તો ઉપકાર માનવો તેવી ભાવના, યાચકવૃતિનો અભાવ અને કર્મ અનુસાર ગમે તેવાં સંજોગોમાં પણ આનંદ અને પ્રસન્નતાંમાં રહેવું, (અન્ય થકી આનંદમાં રહેવાની જરૂર ન પડે તેવી સહજસ્થિતી), પૂર્ણ આત્મીક

**શ્રી જિનનાં ઉપદેશથી,**
**પામ્યો આત્મીક ક્રમ,**
**સમય મર્યાદાનાં યોગનું,**
**પામ્યો સમકિત જોગ.**

બળ, ગમે તેવા સંજાગોમાં હિંમત ભાંગે નહીં અને આંખોમાં દુઃખનાં આંસુ આવે નહીં તેવી સ્થિતી) અને જીવનમાં શ્રી પરમાત્મા સિવાય અન્ય કોઈનું અધિકારીપણું સ્વીકારે નહીં (વ્યાપારમાં નોકરી અસ્વિકાર્ય) અને જેને વ્યવહારથી ઈશ્વરઈચ્છા કે કર્મનો દોષ કે નસિબનું (ભાગ્યનું) ફળ ગણે, ક્યારે નિમિત્તને દોષ આપે નહીં, અને માતા-પિતાને દુઃખ થાય તેવી વાણી ઉચ્ચારે નહીં, અને માતા-પિતાની ઈચ્છા પ્રમાણે સંસાર વ્યવહાર અને અર્થ વ્યવહાર કરે અને ખાસ કરીને માતાનો પૂર્ણ ભક્તિ ભાવથી આદર વંદના કરે. આવા પ્રકારનાં જીવનમાં ગુણો અને લક્ષણો પ્રાથમિક સ્થિતીએ હોય, અને અંતરમાં ગુપ્ત રાખીને આત્મસાક્ષાત્કારી કરવાની બળવાન ભાવનાં હોય અને પછી સમય આવતાં જન્મનો હેતું અને લક્ષ ધ્યાનમાં આવતાં ગુપ્તપણે બળવાન પુરુષાર્થ ધારણ કરીને આત્મસાક્ષાત્કાર કરે છે. આત્મદર્શન, આત્માનો અનુભવ અનુભવે છે. (સંસારી

**એ માતા-પિતાનાં યોગથી,**
**પામ્યો ગુણ અનંત,**
**કરૂ વંદનાં માત-પિતાને,**
**ફરી-ફરી માગું જોગ.**

અવસ્થામાં માથે ગુરૂની જરૂર નથી). ત્યારે જીવ ૬ઠ્ઠા ગુણસ્થાનકનાં ભાવ અને સ્વભાવ સહિત, ૩૬ ગુણો સહિત આત્માનું જ્ઞાન અનુભવે છે. અને અશુભનો આરંભ અને પરિગ્રહ વૃત્તિનો ક્ષય થાય છે. અહિંયા જીવને આગળનાં ભવનું નામકર્મ, ગોત્ર અને આયુષ્યનો બંધ પડેલો ન હોય તો અને સંજોગ અવસ્થા પ્રતિકુળ હોય તો આગળ વધવા નિમિત્ત આદર્શનું લક્ષ ધારણ કરીને, કરૂણાંદ્રષ્ટિને ગુપ્ત રાખીને, ગુણો અને લબ્ધીઓની ગુપ્તતાં જાળવીને, ૬ઠ્ઠા ગુણસ્થાનકમાં રહીને સાતમાં ગુણસ્થાનકનાં ભાવ અને દ્રવ્ય તૈયાર કરીને આત્મીક પુરુષાર્થથી અને શ્રી મહાવીર ભગવાનનાં રાજયોગનાં યોગ ધ્યાનથી સાતમા ગુણસ્થાનકનાં ભાવ અને દ્રવ્યમાં ગુણો પ્રગટાવીને સાતમાં ગુણસ્થાનકનાં ગુણો-લક્ષણો, અંતરદશા-ભાવદશા, વિચાર સ્થિતી પ્રાપ્ત કરીને સાતમા ગુણસ્થાનકનો સ્વભાવ પ્રકાશીત થાય છે. સાતમાં ગુણસ્થાનકમાં આવવાથી શુભની વૃત્તિનો

**એ જીવ સમકિત પામીને,**
**લીધો અવતારી યોગ,**
**ટાળ્યાં ભવનાં બીજને,**
**થયો અવતારી એક.**

આરંભ અને પરિગ્રહનો ક્ષય થાય છે. અને આવતાં ભવનું, આયુષ્ય, નામકર્મ અને ગોત્ર બાંધીને પછી ભવ બાંધવાની પ્રકૃતિનો ક્ષય કરે છે. અને ભવ બાંધવાની પ્રકૃતિનાં ક્ષયે હવે એક આવતો ભવ બાકી રહે છે. અને તેથી તેઓ એક અવતારીધારી ગણાય છે. અહિંયા તે જીવનાં અનેક ગુણો અને લક્ષણો પ્રગટે છે કે જેમાં મુખ્યપણે

૧) શુભ અને અશુભનો આરંભ અને પરિગ્રહનો ક્ષય થાય છે.

૨) સદેહે મનોનાશ થાય છે. અને મનોનાશનાં કારણે મનની

**અનુસંધાન પાના નં ૧૭ પર →**

**અનુસંધાન પાના નં ૧૬ થી ચાલું**

આગળનું (અન્ય જીવોનાં ભાવ જાણવાનું) અને આગળ જોવાનું જ્ઞાન પ્રાપ્ત થાય છે. **''મન:પર્યવ જ્ઞાન''**.
૩) વિચારવિહીન સ્થિતી પ્રાપ્ત થાય છે.
૪) તેનાં કારણે ઈચ્છા રહિતની સ્થિતી પ્રાપ્ત થાય છે.
૫) તેનાં કારણે સંકલ્પ-વિકલ્પ, આગ્રહ-અનાગ્રહ, ગમાં-અણગમાં વગરની સ્થિતી પ્રાપ્ત થાય છે.

**જે જ્ઞાન થકી જીવ,**
**તે જ્ઞાનનાં જાણકારને જાણીને,**
**એ જ્ઞાનનાં અનુભવથી,**
**અનુભવિને અનુભવે,**
**તે**
**અનુભવને (શાસ્ત્ર) દર્શનસાર કહેવાય.**

૬) તેનાં કારણે રાગ-દ્વેષ રહિત સહજ સ્વભાવ પ્રાપ્ત થાય છે.
૭) તેનાં કારણે સર્વ સમય આનંદની અને પ્રસન્નતાની પ્રાપ્તી થાય છે.
૮) તેનાં કારણે અને પાપ-પુણ્યની પ્રકૃતિનાં ક્ષયે, આત્મચિંતન અને પ્રભુ સ્મરણ સહજ રહે છે.
૯) જન્મ - મરણનો ભય ટળવાથી નિર્ભયતા પ્રાપ્ત થાય છે.
૧૦) નિર્ભયતા અને નિષ્કામ કરૂણાદ્રષ્ટિનાં ગુણે અને ઉપકારી ભાવની ભાવનાથી અહિંસક ભાવ ધારણ થાય છે.
૧૧) અહિંસક ભાવનો સ્વભાવ અને નિર્ભયતાનાં ગુણે અને અગુરૂ-અલઘુનાં ભાવ થકી આઠમાં ગુણસ્થાનકનાં ભાવ અને લક્ષણો તૈયાર થાય છે.
૧૨) તેથી ૭માં ગુણસ્થાનકવાળા સ્વભાવે, ભાવે, ગુણે અને લક્ષણોથી એક અવતારી કહેવાય.

**જે જ્ઞાને ગુણો ગ્રહ્યાં,**
**થયો જ્ઞાન સ્વભાવ,**
**શુભા-શુભનાં અંતથી,**
**થયો શુધ્ધ પ્રારંભ.**

શ્રી તીર્થંકર પરમાત્માએ (૬ ઠ્ઠા ગુણસ્થાનકવાળા જીવ પણ આત્માનુભવિ વધીને ૩જા ભવે મોક્ષગમન કરે છે, તેને બદલે) ૭માં ગુણસ્થાનકવાળા જીવ કે જેને એક અવતારી કહેવાય છે, તેનો જ પાંચમાં આરા માટે ખાસ ઉલ્લેખ શા માટે કર્યો? તેના મુખ્ય મુખ્ય ગુણો અને લક્ષણોની વિચારણાં કરીએ. ૬ ઠ્ઠા ગુણસ્થાનકવાળા આત્માનો અનુભવ કરીને ૩૬ ગુણોયુક્ત અને અશુભનો આરંભ અને પરિગ્રહ ત્યાગથી (પ્રકૃતિનાં ક્ષય થવાથી બાહ્ય ત્યાગ અનિવાર્ય નથી) આત્માનો ઉપયોગ આત્મામાં રહે અને નિર્મળ બુધ્ધિએ, બહારની તરફ વળવાથી શાસ્ત્રોનો સાર, આત્માનું જ્ઞાન, આત્મામાંથી પ્રકાશીત થઈને નિર્મળ બુધ્ધિથી ધાર્મિક (આત્મધર્મ)નાં વિચારોથી, નિર્મળ અને મધુર વાણીથી આત્મજ્ઞાન પ્રકાશાવે છે. (સંસારભાવનો આરંભ, સમારંભ અને પરિગ્રહનો ક્ષય થયેલો હોવાથી અને શાસ્ત્રોનો વાંચન વગર શાસ્ત્રોનું જ્ઞાન પ્રકાશીત થાય છે). ૬ ઠ્ઠુ ગુણસ્થાનક ઉપદેશકનું સ્થાનક હોવાથી અને સહજ સ્વભાવથી સકામ કરૂણાં દ્રષ્ટિ પ્રગટવાથી (અન્ય જીવોનું કલ્યાણ કરવાનાં શુભ હેતુથી) પરંપરાથી પર થઈને સંપ્રદાયનું સ્થાપન કરે છે. અને તે સંપ્રદાયમાં જે જીવો આવે તેનું આત્મકલ્યાણ કરે છે, કે જેને માટે શાસ્ત્રોમાં

**જે બોધે બુધ્ધ થયા,**
**તે બુધ્ધે બોધ્યો બોધ,**
**એ નિશ્ચયનાં સારથી,**
**આપ્યો શાસ્ત્રનો સાર.**

સદ્‌ગુરૂ, સંત કહેવાય છે. શાસ્ત્ર ફરમાન મુજબ આવા સદ્‌ગુરૂ, સંતનાં આશ્રયે જીવ ભવ મર્યાદાનું સમકિત સાધી શકે છે અને તેથી તેને સંપ્રદાયનાં સંત-સદ્‌ગુરૂ કહેવાય છે. ૭માં ગુણસ્થાનકવાળા જીવમાં ૬ ઠ્ઠા ગુણસ્થાનકનાં તો ગુણ હોય જ છે, પણ વિશેષ જે ગુણો અને લક્ષણોની વિચારણાં કરીએ અને ૭માં ગુણસ્થાનકવાળા સંપ્રદાયનું સ્થાપન કરતા નથી.
૧. શ્રી તીર્થંકર પરમાત્મા સંસારવાસ ત્યાગીને સર્વસંગ પરિત્યાગ ગ્રહણ કરે છે, ત્યારથી શ્રી તીર્થંકર દેવ, કેવળજ્ઞાન પ્રકાશીત થાય ત્યાં સુધીનાં સાધના કાળમાં ૭માં ગુણસ્થાનકમાં વિચરતાં હોય છે.
એક અવતારી પુરૂષનું જીવન ૭માં ગુણસ્થાનકમાં આવે ત્યારથી ઉદયકર્મથી જીવન જીવે છે. શુભનો અને અશુભનો બંને (સંસારભાવની અને પુણ્યભાવની) પ્રકૃતિનાં ક્ષયનાં કારણે જીવ નિગોદમાંથી નિકળીને મોક્ષ પામે તેટલાં ભવ અને સમયમાં ઉદયકર્મથી જીવન એક જ વખત જીવે છે, તે તેનું વિશિષ્ટપણું (પાપ-પુણ્યથી પર) અને આવતા ભવે મોક્ષગમન કરે તે ૭માં

**જ્ઞાન ''એજ'' જ્ઞાન છે.**

**જ્ઞાન એજ આત્મા અને આત્મા એજ જ્ઞાન, જ્ઞાનને કોઈ દેશ નથી, જ્ઞાનને કોઈ વેશ નથી, જ્ઞાનને કોઈ કુળ નથી, જ્ઞાનને કોઈ ધર્મ નથી, જ્ઞાનને કોઈ જાતિ નથી, જ્ઞાનને કોઈ ભ્રાંતિ નથી, જ્ઞાનને કોઈ ભેદ નથી, જ્ઞાન અભેદ છે. જ્ઞાન જ્ઞાનમાં રહે તે સ્વભાવ છે અને જ્ઞાન જ્ઞાનથી જ બંધાયેલું છે અને જ્ઞાન જ્ઞાનથી જ મુક્ત છે. જ્ઞાન-જ્ઞાન અને જ્ઞાન એજ આનંદ-આનંદ-આનંદ. જ્ઞાનની વિશાળતા-વ્યાપકતા-સ્થિતીસ્થાપકતા-ગતિશિલતા અને તેજસ્વીતા અનંત-અપાર છે. તેને કોણ રોકી-ટોકી-વાળી કે ભાંગી શકે ?**

**૧) વિશાળતા : ૧૪ રાજલોકમાં ફેલાયેલું જ્ઞાન એ જ્ઞાનની વિશાળતા છે. ૧૪ રાજલોકનો એકપણ અંશ જ્ઞાનવિહીન નથી.**

**૨) વ્યાપકતા : જ્ઞાનને કોઈ દેશનું, વેશનું, વયનું કે જાતિનું, સંજોગ અવસ્થા કે સમય અવસ્થાનું, નાના-મોટા, રાય-રંકની ભેદ-ભરેલી અવસ્થા રોકી શકતી નથી. જીવની યોગ્યતાએ કોઈપણ અવસ્થાએ જ્ઞાન તેની વ્યાપકતાનાં સ્વરૂપે પ્રકાશીત થાય છે.**

**૩) સ્થિતીસ્થાપકતા : ૧૪ રાજલોકનું જ્ઞાન એક જીવમાં સમાય (કેવળજ્ઞાનમાં) અને એજ જ્ઞાનમાં ૧૪ રાજલોકમાં સર્વ જીવો સમાય.**

**૪) ગતિશિલતા : શ્રી કેવળજ્ઞાની નિર્વાણ પામે ત્યારે દેહ છોડે, ત્યારે જ્ઞાન એક જ સમયમાં દેહ છોડીને ૧૪ લોકનાં અગ્ર ભાગે સિધ્ધ પદે સ્થિર થાય એવી જ્ઞાનની ગતિશિલતા છે.**

**૫) તેજસ્વીતા : જ્ઞાનની તેજસ્વીતાં, અનંતા અનંત દુ:ખોનું વેદન વેદતાં નારકીનાં જીવો પણ કેવળજ્ઞાનની તેજસ્વીતાં જાણીને શાંતિ પામે છે અન તેજસ્વીતાંને માનીને જીવો ભાવિ ભવોમાં મોક્ષ પામે છે.**

**આત્માનું બંધારણ જ્ઞાન અને જ્ઞાનનો અખંડ સમુહ એજ આત્મા.**
**''આત્માનું સ્વરૂપ જ્ઞાન અને જ્ઞાનનું ચૈતન્ય સ્વરૂપ આત્મા''**

ગુણસ્થાકનું શ્રેષ્ઠ ફળ.
૨. જીવ નિગોદથી મોક્ષ સુધીમાં ફક્ત એક જ વખત સદેહે મનોનાશ સાતમા ગુણસ્થાનકમાં
૩. વિચાર, વિકાર, સંકલ્પ અને વિકલ્પ વગરની સ્થિતી ૭મું ગુણસ્થાનક.
૪. સદેહે બુધ્ધિગમ્ય મોક્ષસુખનો અનુભવ ૭મું ગુણસ્થાનક.
૫. સર્વ સમયે આનંદની પ્રાપ્તી ૭મું ગુણસ્થાનક.
૬. સર્વ ઈચ્છા રહિતની સ્થિતી ૭મું ગુણસ્થાનક.
૭. અગુરૂ-અલઘુ (પોતે કોઈનાં ગુરૂ નહીં, પોતાને કોઈ ગુરૂ નહીં, જગતનો નાયક અને જગતનો આખરી શિષ્ય, પોતે કોઈનો શિષ્ય નહીં, પોતાને કોઈ શિષ્ય નહીં) ૭મું ગુણસ્થાનક.
૮. નિષ્કામ કરૂણાં દ્રષ્ટિ (કોઈને પમાડવાની વૃતિ નહીં) અને પોતાની (જ્ઞાનની) વિરાધના કરીને કોઈ જીવ ડુબે નહીં તેવો સહજ સ્વભાવથી કરૂણા દ્રષ્ટિ ૭માં ગુણસ્થાનકમાં.
૯. આયુષ્ય, નામકર્મ, ગોત્રની મુખ્ય ભવ-ભ્રમણની પ્રકૃતિનો ક્ષય ૭માં ગુણસ્થાનકમાં.
૧૦. જગતનો ઉપકાર માનીને ઉપકારીભાવે વંદના અને એક સમયનું, એક ક્ષેત્રની અને એક પુદ્‌ગલ-પરમાણુંની ધ્યાનસ્થ સમાધીની સાધના ૭મું ગુણસ્થાનક.
૧૧. નિર્મળ બુધ્ધિનાં ક્ષય કરવાની (સંપૂર્ણ બુધ્ધિનો ક્ષય કરવાની) સાધના ૭મું ગુણસ્થાનક.
૧૨. કેવળીપણું પામવાનું દ્રવ્ય અને ભાવ પ્રાપ્ત કરવાનું (દ્રવ્ય, આહાર, વિહાર, વિચાર, વાણી, વર્તન, દ્રષ્ટિ, નિદ્રા, સ્વભાવ,

**સદ્‌ગુરૂનાં સંદેશથી,**
**પામ્યો જ્ઞાન અનંત,**
**કરી મતિની નિર્મળતા,**
**થયું જ્ઞાન પ્રકાશ.**

**જે જ્ઞાનને ગોપિત ગણ્યું,**
**પ્રગટાવ્યું નિજ ભાન,**
**શાસ્ત્રોનાધારથી શાસ્ત્ર ધર્યા,**
**કર્યો શાસ્ત્રનો સાર.**

કેવળજ્ઞાનને અનુકૂળ અને અનુરૂપ, યોગીક દેહ, ધારણ કરવાની શરૂઆત) ૭મું ગુણસ્થાનક. ''૭માં ગુણસ્થાનકવાળા જીવ દ્રવ્યે શ્રી કેવળી ભગવંત ગણાય અને મનાય છે''. અને તે પ્રાપ્ત કરવાનું ૭માં ગુણસ્થાનક.
૧૩. તેઓ મોક્ષ પ્રભાવક અને જ્ઞાન પ્રકાશક કહેવાય તે ૭મું ગુણસ્થાનક.
૧૪. તેઓ જગતથી મુક્ત છે. જગત તેઓથી મુક્ત છે. અહિંસકભાવ અને નિર્ભય સ્વભાવથી (તેઓ ઉપકારી જીવોથી બંધાયેલા છે) તે ૭મું ગુણસ્થાનક. આવા અનેક ગુણો અને લક્ષણો ૭માં ગુણસ્થાનકમાં જ હોય છે. અને તેથી શ્રી તીર્થંકર પરમાત્માએ વિશિષ્ટપણે ઉલ્લેખ કરેલો છે. ૭માં ગુણસ્થાનકનું મન:પર્યવજ્ઞાન અને કેવળજ્ઞાનની અવસ્થા સુધીમાં બાહ્ય ત્યાગ જરૂરી કે અનિવાર્ય નથી. બાહ્ય ત્યાગ વગર પણ કેવળજ્ઞાનનું જ્ઞાન પ્રકાશીત થાય છે. શાસ્ત્રો પ્રમાણ છે. ''બાળજીવોએ અંતરદશા બદલાવવા બાહ્ય ત્યાગની અવસ્થા બદલાવવાથી સંજોગ અવસ્થા અનુકુળ પ્રાપ્ત થવાથી સાધનામાં સરળતા રહે અને જો સંસારમાં રહીને પુરૂષાર્થ કરે તો પ્રતિકુળ સંજોગો હોવાથી બળવાન પુરૂષાર્થ કરવો પડે''.

**ત્યાગ ભાવના કેળવીને પછી ત્યાગ લેવો અને પછી ત્યાગમાં રહેવું તે સહજ સ્વભાવે છે. (સંસારભાવ કાઢવાની વૃત્તિ છતાં ન નિકળે) ''પણ''**
**સંસારમાં રહીને સંસારભાવ કાઢવો અત્યંત મુશ્કેલ છે, છતાં વિરલ પુરૂષોએ બળવાન પુરૂષાર્થ કરીને પરીણામ પ્રાપ્ત કરે છે. ''છતાં''**
**વ્યવહારથી ઘણાં જીવો આવા જ્ઞાની પુરૂષની અનુમોદના કરવાને બદલે તેમનાં લખાણોની ટીકા કરીને કેવી જ્ઞાનની વિરાધના કરે છે. અને આવા જ્ઞાની પુરૂષોનું જ્ઞાન પૂર્ણ સમ્યક જ્ઞાન અને સમ્યક શાસ્ત્રનો સાર હોય છે.** અને તેની ટીકા કે પ્રતિબંધ (શ્રાવકપણાનાં કારણે) મૂકવાથી કેવી જ્ઞાનની વિરાધના કરે છે, તેની ભાવિ લેખાંકોમાં યોગે કરીને વિચારણા કરીશું.

ઘણાં જીવો અજાણતાં અને અજ્ઞાનતાએ એવી સમજણની માન્યતા ધરાવીને વિચારે છે, (વર્તે છે) કે સંસારી અવસ્થાનાં

**શાસ્ત્રો ઉચકીને ચાલે તો શરીરને ભાર લાગે,**
**શાસ્ત્રો વાંચીને ફરે તો મનને ભાર લાગે,**
**શાસ્ત્રોને આત્મસાત કરે તો આત્માનો મોક્ષ થાય.**

જીવોને કેવળ જ્ઞાન થાય ત્યારે દેવો આવીને નમ્રતા સહિત વિનંતી કરે છે કે આપ વેશ પરીવર્તન કરો કે જેથી અમે આપને વંદના કરી શકીએ. કેવું બાળજીવોનું ભ્રમિત ભાન અને જ્ઞાન કહેવાય. (જ્યારે બીજા શ્રી તીર્થંકરદેવથી લઈને ૨૩માં શ્રી તીર્થંકર પરમાત્મા સુધી ત્યાગીને અલગ વેશ અને ઓઘાહરણ ન હતું છતાં ત્યાગી હતા ત્યારે સંસારીપણાનાં જીવોને શ્રી કેવળજ્ઞાન પ્રકાશીત થાય ત્યારે દેવો શું પરીવર્તન કરવાનું અને અન્ય શું અર્પણ કરવાનું કહેતા હતાં? તેનો વિચાર બાળજીવોએ કરવો રહ્યો. આપણે શ્રી તીર્થંકર પરમાત્મા શ્રી મહાવીર સ્વામી ભગવાને પાંચમાં આરા માટે ગુણો-લક્ષણો, ભાવ-સ્વભાવ અને જ્ઞાનસહિત ૭માં ગુણસ્થાનકવાળા એક અવતારી પરમ પુરૂષો થકી શ્રી મહાવીર પરમાત્માનું નામ-શાસન, ધર્મ અને સંપ્રદાયને પ્રકાશીત કરશે, રાખશે અને રહેશે એ પ્રકારનાં ફરમાનને શ્રધ્ધા સહિત માન્ય કરવું તે શ્રી તીર્થંકર પરમાત્માની આરાધના ભક્તિ ગણાય અને એવા એક અવતારી શ્રી પરમ જ્ઞાની મહાપુરૂષો કે **જે બાળજીવોનાં આત્મકલ્યાણ અર્થે અવતરીને મોક્ષ પ્રભાવકનું અને જ્ઞાન પ્રકાશકનું મહાન કાર્ય કરનાર એવાં શ્રી દ્રવ્યે અને ભાવે શ્રી કેવળી ભગવંતોને સર્વ સમયથી સર્વ ક્ષેત્રથી ત્રિકાળ વંદના, અહોભાવથી વંદના અને પરમ ઉપકારી ભાવથી વંદના.** (પૂર્ણ જ્ઞાન અને પૂર્ણ જ્ઞાન સ્વભાવ પ્રગટાવવાનો બાકી હોવાથી ''કેવળજ્ઞાન સ્વભાવ'' ન હોવાથી દ્રવ્યે શ્રી કેવળી ભગવંત ગણાય.)

**''ધર્મ સ્વભાવ એજ ધર્મ પ્રભાવ''**

**આનંદ     આનંદ     આનંદ**

આ આખી સમજણ લખનાર જીવે શ્રી મહાવીર ભગવાનને માથે રાખીને, શાસનદેવીની સાક્ષીભાવે અને સમકિતી દેવ-દેવીઓના હાજરભાવે કોઈપણ પ્રકારના દુર્ભાવ રહિત, કોઈપણ પ્રકારના દ્વેષબુધ્ધિથી રહિત અને કોઈપણ પ્રકારની સ્વાર્થબુધ્ધિ રહિત આપેલ છે. અને આમાં કોઈપણ પ્રકારનો દોષ ભળ્યો હોય તો આ લખનારને મિથ્યાત્વનો દોષ લાગે. અને આ બાબતની કોઈપણ ચર્ચા-વિચારણા શ્રાવકોએ ધર્માચાર્યો પાસે જઈને કરવી અને જાણકારી મેળવવી, લખનાર પ્રત્યે અભાવ ન કરવો.